# રાજયની કૃષિ યુનિવર્સિટીઓમાં જૂનિયર કલાર્કની ભરતી અંગે જાહેર ખુલાસો

ગુજરાત રાજયની કૃષિ યુનિવર્સિટીઓમાં બિન શૈક્ષણિક વહીવટી સંવર્ગ (વર્ગ–૩) જુનીયર કલાર્કની જગ્યાઓ સીધી ભરતીથી ભરવા અંગેની કામગીરીમાં જાહેરાત આપવાની કામગીરી જુનાગઢ કૃષિ યુનિવર્સિટીના ભાગે આવેલ હોઈ, ચારેય કૃષિ યુનિવર્સિટી વતી જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી મારફતે તા.૨૫/૧૨/૨૦૧૮ના ગુજરાત સમાચાર દૈનિક પત્ર (સમગ્ર ગુજરાત રાજયની આવૃત્તિ)માં પાના નં. ૧૧ ઉપર પ્રસિધ્ધ થયેલ છે તેની ઓન લાઈન અરજીની પ્રક્રિયા ચાલુ છે. દરમ્યાનમાં નોલેજ પાવર પ્રકાશન, બોટાદ નામની એક સંસ્થાએ કોઈ અધિકાર વિના કે પૂર્વમંજુરી વિના જુનાગઢ કૃષિ યુનિવર્સિટીનો લોગો મુખપૃષ્ઠ ઉપર છાપીને જુનિયર કલાર્ક પરીક્ષા માટે મટીરીયલની પુસ્તિકા બહાર પાડેલ છે તેમજ તેનું ઓન–લાઈન વેચાણ પણ કરે છે તેવું જુનાગઢ કૃષિ યુનિવર્સિટીના ધ્યાન પર આવેલ છે. આ નોલેજ પાવર પ્રકાશન સાથે જુનાગઢ કૃષિ યુનિવર્સિટીને કોઈ સબંધ નથી, કે તેઓ જુનાગઢ કૃષિ યુનિવર્સિટી કે અન્ય કોઈ સહભાગી યુનિવર્સિટી તરફથી કોઈ માન્યતા ધરાવતા નથી. જુનાગઢ કૃષિ યુનિવર્સિટીના લોગો સાથે નોલેજ પાવર બુક પ્રકાશનવાળાએ બહાર પાડેલ અને ઓન–લાઈન વેચાતી મટીરીયલની પુસ્તિકા અંગે જુનાગઢ કૃષિ યુનિવર્સિટી તરફથી કોઈ બાંહેધરી આપવામાં આવતી નથી. આ પુસ્તિકાના પ્રકાશકોએ અનધિકૃત રીતે જુનાગઢ કૃષિ યુનિવર્સિટીનો લોગો છાપેલ છે તે માટે કાયદેસરના પગલાં અમો લઈ રહયા છીએ જેની અરજી કરનારા ઉમેદવારો તેમજ જાહેર જનતાએ નોંધ લેવી.

કુલસચિવ
જુનાગઢ કૃષિ યુનિવર્સિટી
જુનાગઢ